# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


તા. ૦૪/૧૦/૨૦૨૨

**અખબારી યાદી**

## અણઘડ વહીવટ અને પ્રજા વિરોધી કામગીરીથી ત્રસ્ત થઈને મોરબી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ આગેવાન શ્રી કિશોરભાઈ ચીખલીયા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોરે અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી લલીતભાઈ કગથરાએ જણાવ્યું હતું કે મંદી, મોંઘવારી અને બેરોજગારી સહિતના પ્રશ્નોથી જયારે ગુજરાતની પ્રજા ત્રસ્ત છે ત્યારે ભાજપની અનીતિ, અણઘડ વહીવટ અને પ્રજા વિરોધી કામગીરીથી ત્રસ્ત થઈને મોરબી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ આગેવાન શ્રી કિશોરભાઈ ચીખલીયા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ભાજપમાંથી રાજીનામાં આપી જનતાલક્ષી કામગીરી કરતા કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા હતા. શ્રી કિશોરભાઈ અને તેમની ટીમનું કોંગ્રસ પક્ષ સહર્ષ સ્વાગત કરે છે. ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી લોકશાહી માટે ખતરારૂપ છે. ભાજપ દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી કોઈપણ કાર્યકર આગેવાન પર પગલા ભરવામાં આવશે તો કોંગ્રેસ પક્ષ તેના પડખે ઢાલ બનીને ઉભો રહેશે. પ્રધાનમંત્રીના કાર્યક્રમોમાં પ્રજાના પરસેવાના કરોડો રૂપિયાનો દુરુપયોગને રોકવા સુરતના કોંગ્રેસ કાર્યકર્તાઓએ વિરોધ દર્શાવ્યો હતો. જેના પગલે વિરોધ કરતા ચાર યુવાનો ઉપર પાસા હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો. ભાજપની ધાક-ધમકી અને ડરાવવાની રાજનીતિનો જવાબ કોંગ્રેસ પક્ષ ડર્યા વગર મજબુતાઈથી આપશે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં મોરબી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ આગેવાન શ્રી કિશોરભાઈ ચીખલીયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ જેવી માતૃ સંસ્થામાંથી ભાજપમાં જોડાવાનુ મને દુઃખ છે કોંગ્રેસ પક્ષના તમામ નેતા, આગેવાનો અને કાર્યકર્તાઓને વિનંતી કરું છું કે, ભાજપમાં કદાપી ન જોડાય. ભાજપ માત્ર જોડાયેલા નેતા, કાર્યકર્તાઓનો ઉપયોગ કરી ફેંકી દે છે. હું સંપૂર્ણ બિનશરતી રીતે મારી માતૃ સંસ્થા કોંગ્રેસમાં જોડાયો છું.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય શ્રી જાવેદ પીરઝાદા, ધારાસભ્ય શ્રી નિરંજન પટેલ, કોંગ્રેસ પક્ષના મીડિયા કો-ઓર્ડીનેટર શ્રી હેમાંગ રાવલ, પ્રદેશ મીડિયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેંકર, મોરબી જીલ્લા પંચાયતના સદસ્યો સર્વશ્રી નયનભાઈ અઘારા, મહેશ પારેજીયા, સતીષભાઈ મિર્ઝા, શ્રી નીલેશ ગામ્ભુઆ, ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ. મંત્રી શ્રી કુલદીપસિંહ જાડેજા જીલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ શ્રી અલ્પેશભાઈ કોઠીયા, જીલ્લા ઉપપ્રમુખ શ્રી ભાવનીક મુછડિયા ડોક્ટર સેલના પ્રમુખ ડો. અભયરાજસિંહ ઝાલા, શ્રી અયુબભાઇ મોવર, શ્રી ઇકબાલભાઈ જેડા શ્રી ગોરધનભાઈ, શ્રી ધર્મેન્દ્રભાઈ વિરજા, શ્રી જટુભા, શ્રી મિલન સોરીયા, શ્રી દેવજીભાઈ રાજપરા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર